ધા.સ.શ્રી. અલ્પેશ ઠાકોર

## પ્રશ્ન: છેલ્લા બે વર્ષમાં સરકારે પંચાયતોમાં વર્ગ–૩ની જગ્યાઓ પર કેટલી ભરતી કરી ?

**જવાબ**

છેલ્લા બે વર્ષમાં સરકાર દ્વારા કુલ **૧૭** કેડરોમાં મળી **૧૩૧૩૮** જગ્યાઓ પર ભરતી માટેની કાર્યવાહી હાથ ધરી **૧૬** કેડરોમાં કુલ મળી **૧૨૭૮૩** નિમણુંકો આપેલ છે.

છેલ્લા બે વર્ષમાં નિમણુંક અપાયેલ નિમણુંકોની કેડરવાર વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | સંવર્ગ | મંજુર જગ્યાઓ | ભરાયેલ જગ્યાઓ | છેલ્લા બે વર્ષમાં આપવામાં આવેલ નિમણુંકો | હાલ ભરાયેલ જગ્યાની ટકાવારી |
|---|---|---|---|---|---|
| ૧ | સમાજ કલ્યાણ નિરિક્ષક (જુ. ગ્રેડ) | ૩૪ | ૩૪ | ૭ | 100.00% |
| ૨ | મલ્ટી પરપઝ હેલ્થ વર્કર | ૯૧૪૫ | ૮૬૭૧ | ૧૮૬૬ | 94.82% |
| ૩ | તલાટી કમ મંત્રી | ૧૧૭૬૦ | ૧૧૦૧૮ | ૩૪૩૭ | 93.69% |
| ૪ | કમ્પાઉન્ડર (જુનીયર ફાર્માસીસ્ટ) | ૧૫૧૨ | ૧૪૦૮ | ૨૫૪ | 93.12% |
| ૫ | લેબોરેટરી ટેકનીશીયન | ૧૫૧૬ | ૧૪૦૮ | ૩૧૭ | 92.88% |
| ૬ | નાયબ હિસાબનીસ | ૨૧૬ | ૨૦૦ | ૧૯૧ | 92.59% |
| ૭ | મુખ્ય સેવિકા | ૧૧૨૧ | ૧૦૦૭ | ૨૨૫ | 89.83% |
| ૮ | આંકડા મદદનીશ | ૨૪૧ | ૨૦૩ | ૮૧ | 84.23% |
| ૯ | પશુધન નિરીક્ષક | ૫૭૨ | ૪૭૯ | ૨૪૯ | 83.74% |
| ૧૦ | ફીમેલ હેલ્થ વર્કર | ૧૦૭૪૦ | ૮૯૮૪ | ૩૧૩૭ | 83.65% |
| ૧૧ | ગ્રામ સેવક | ૪૧૭૪ | ૩૨૧૬ | ૧૬૫૨ | 77.05% |
| ૧૨ | વિભાગીય હિસાબનીશ | ૫૯ | ૪૩ | ૧૪ | 72.88% |
| ૧૩ | સ્ટાફ નર્સ | ૧૨૧૦ | ૮૬૩ | ૧૫૩ | 71.32% |
| ૧૪ | વિસ્તરણ અધિકારી (સહકાર) | ૯૮ | ૫૭ | ૪ | 58.16% |
| ૧૫ | વિસ્તરણ અધિકારી (ખેતી) | ૧૩૫ | ૭૮ | ૧૫ | 57.78% |
| ૧૬ | જુનિયર કલાર્ક (વહીવટ / હિસાબ) | ૩૯૯૭ | ૧૮૭૬ | ૧૧૮૧ | 46.94% |
| | | | **કુલ** | **૧૨૭૮૩** | |

આમ, સરકારશ્રી દ્વારા સીધી ભરતી કરવાના લીધે **૧** કેડરમાં **૧૦૦** ટકા, પાંચ કેડરમાં **૯૦** ટકા કરતા વધુ, પાંચ કેડરમાં **૭૫** થી **૯૦** ટકા તથા બે કેડરમાં **૭૦** ટકા કરતા વધારે જગ્યાઓ ભરાઇ ગયેલ છે

બાકી રહેતી **૩૫૫** અધિક મદદનીશ ઇજનેરની જગ્યાઓ માટેની બાબત હાલ નામ. ગુજરાત હાઇકોર્ટમાં વિચારાધિન હોય તેનો નિર્ણય આવ્યે આગળ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ધા.સ.શ્રી. બલરાજસિંહ ચૌહાણ

**પ્રશ્ન : તા ૩૧.૧૨.૨૦૨૩ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર ભરાયેલ જગ્યાની વિગત**

| તાલુકા/કચેરીનુ નામ | મંજુર જગ્યાઓ | ભરેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|---|---|
| કલોલ | ૩૮ | ૩૮ | ૦ |
| માણસા | ૪૪ | ૪૪ | ૦ |
| દહેગામ | ૪૦ | ૪૦ | ૦ |
| ગાંધીનગર | ૫૦ | ૫૦ | ૦ |
| મલેરીયા શાખા | ૩ | ૩ | ૦ |
| કુલ | ૧૭૫ | ૧૭૫ | ૦ |

**તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરની કુલ ૧૭૫ જગ્યા મંજૂર થયેલ છે. જે પૈકી ૧૭૫ જગ્યા ભરાયેલ છે અને શૂન્ય (૦) જગ્યા ખાલી છે.**

**પ્રશ્ન : તા ૩૧.૧૨.૨૦૨૩ની સ્થિતિએ ગાંધીનગર જીલ્લામાં મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરની મંજૂર, ભરેલ તથા ખાલી જગ્યાની વિગતો.**

| કુલ મંજૂર જગ્યાઓ | કુલ ભરેલ જગ્યાઓ | કુલ ખાલી જગ્યાઓ | ખાલી જગ્યાઓનો સમયગાળો | | |
|---|---|---|---|---|---|
| | | | ૧વર્ષ સુધીની | ૧વર્ષથી ૩વર્ષ સુધીની | ૩વર્ષ કરતા વધુ સમયથી |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧૭૫ | ૧૭૫ | ૦ | – | – | – |

| ક્રમ | તાલુકાનું નામ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર નું નામ | મંજૂર જગ્યાની સંખ્યા | ભરેલ જગ્યાની સંખ્યા | ખાલી જગ્યાની સંખ્યા | જગ્યા ખાલી પડ્યા તારીખ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | કલોલ | સઈજ | ૫ | ૫ | ૦ | – | – |
| ૨ | | પાનસર | ૮ | ૮ | ૦ | – | – |
| ૩ | | રાંચરડા | ૫ | ૫ | ૦ | – | – |
| ૪ | | હાજીપુર | ૬ | ૬ | ૦ | – | – |
| ૫ | | મોખાસણ | ૭ | ૭ | ૦ | – | – |
| ૬ | | ધાનજ | ૭ | ૭ | ૦ | – | – |
| ૭ | માણસા | આજોલ | ૪ | ૪ | ૦ | – | – |
| ૮ | | વેડા | ૪ | ૪ | ૦ | – | – |
| ૯ | | ઈટાદરા | ૬ | ૬ | ૦ | – | – |
| ૧૦ | | બેલોદરા | ૬ | ૬ | ૦ | – | – |
| ૧૧ | | સોજા | ૬ | ૬ | ૦ | – | – |
| ૧૨ | | વરસોડા | ૪ | ૪ | ૦ | – | – |
| ૧૩ | | મહૂડી | ૫ | ૫ | ૦ | – | – |
| ૧૪ | | પુંધરા | ૫ | ૫ | ૦ | – | – |
| ૧૫ | | બાપુપુરા | ૪ | ૪ | ૦ | – | – |
| ૧૬ | દહેગામ | સાણોદા | ૫ | ૫ | ૦ | – | – |
| ૧૭ | | સાંપા | ૬ | ૬ | ૦ | – | – |
| ૧૮ | | પાટનાકુવા | ૫ | ૫ | ૦ | – | – |
| ૧૯ | | બહિયલ | ૫ | ૫ | ૦ | – | – |
| ૨૦ | | પાલુન્દ્રા | ૪ | ૪ | ૦ | – | – |
| ૨૧ | | દેવકરણનામુંવાડા | ૫ | ૫ | ૦ | – | – |
| ૨૨ | | કડાદરા | ૫ | ૫ | ૦ | – | – |
| ૨૩ | | કડજોદરા | ૫ | ૫ | ૦ | – | – |
| ૨૪ | ગાંધીનગર | આદરજ મોટી | ૭ | ૭ | ૦ | – | – |
| ૨૫ | | ડભોડા | ૫ | ૫ | ૦ | – | – |
| ૨૬ | | પ્રાંતિયા | ૬ | ૬ | ૦ | – | – |
| ૨૭ | | રૂપાલ | ૭ | ૭ | ૦ | – | – |
| ૨૮ | | દશેલા | ૭ | ૭ | ૦ | – | – |
| ૨૯ | | ઉનાવા | ૪ | ૪ | ૦ | – | – |
| ૩૦ | | ઉવારસદ | ૭ | ૭ | ૦ | – | – |
| ૩૧ | | વડોદરા | ૭ | ૭ | ૦ | – | – |
| | | મેલેરિયા શાખા | ૩ | ૩ | ૦ | – | – |
| **કુલ** | | | **૧૭૫** | **૧૭૫** | **૦** | **–** | **–** |

**પ્રશ્ન : મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર વર્ગ-૩ સંવર્ગની શૈક્ષણિક લાયકાત શું છે. તેમજ ભરતી કઇ રીતે કરવામાં આવે છે.**

---

**જવાબ :**

સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત શિક્ષણ સંસ્થામાંથી ઓછામાં ઓછા એક વર્ષનો મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરનો બેઝીક સર્ટીફીકેટ કોર્ષ અથવા ડિપ્લોમાં કોર્ષ અથવા

ઓછામાં ઓછા એક વર્ષનો સેનેટરી ઇન્સ્પેકટર ડિપ્લોમાં કોર્ષ અથવા

ઓદ્યોગિક તાલીમ સંસ્થા અથવા સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત અન્ય કોઇપણ સંસ્થામાંથી ઓછામાં ઓછા એક વર્ષનો હેલ્થ સેનેટરી ઇન્સ્પેકટર અથવા

ડીપ્લોમાં સેનેટરી ઇન્સ્પેકટર અથવા હેલ્થ સેનેટરી ઇન્સ્પેકટર જે ભારતમાં કેન્દ્રીય અથવા રાજય અધિનિયમ દ્વારા અથવા તેની હેઠળ સ્થાપિત અથવા સમાવિષ્ટ યુનિવર્સિટીમાંથી મેળવેલ હોય.

આ સંવર્ગની ભરતી ગુજરાત પંચાયત સેવા વર્ગીકરણ અને ભરતી નિયમો-૧૯૯૮ અન્વયે ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષા યોજીને સીધી ભરતી કરવામાં આવે છે.

**પ્રશ્ન : મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરની જગ્યા ભરાયેલ હોય તો લોકોને શું લાભ થાય છે?**

---

**જવાબ :**

મલ્ટી પરપઝ હેલ્થ વર્કર (પુ)ની જગ્યાઓ ભરાયેલ હોય તો..

નાગરિકોને થતાં મેલેરિયા, ડેન્ગ્યુ, પાણીજન્ય રોગો, વાહકજન્ય રોગો, ટી.બી., લેપ્રસી તેમજ એચ.આઈ.વી. જેવા થતાં રોગો અટકાવી શકાય. તેમજ વસ્તી વધારો અટકાવી શકાય. ગામનું સેનિટેશન સુવ્યસ્થિત રહે, બિનચેપી રોગો અટકાવી શકાય,કુપોષણ નિવારણ અને એનીમિયા જેવી કામગીરીથી લોકોનું આરોગ્ય સુધરે, લોકોને કલોરીનેશન યુક્ત પાણી આપી શકાય. ૦ થી ૧૮ વર્ષના બાળકોની આરોગ્યની તપાસણી તેમજ પોલિયો નાબૂદી અને માતા અને બાળકની રસીકરણની કામગીરીથી લોકોને ફાયદો થાય.

આ કામગીરી મ.પ.હે.વ.(પુ) દ્વારા હોમ ટુ હોમ આપવામાં આવતી હોવાથી લોકોને તેનો લાભ મળે છે.

**પ્રશ્ન : એમ.પી.એચ.ડબલ્યુ દ્વારા ક્ષેત્રિય કક્ષાએ કરવામાં આવતી કામગીરીની વિગત**

જવાબ: **મલ્ટી પરપઝ હેલ્થ વર્કર(પુ)નો જોબચાર્ટ**

**૧ સર્વે, માહિતીનું સંકલન, રેકર્ડ અને રીપોર્ટીંગની કામગીરી:**

- સર્વે કરી તમામ માહિતી નિયત નમૂનામાં એકત્ર કરવી.
- તમામ રેકોર્ડ અને રજીસ્ટર અધતન રાખવા.
- લાયક દંપતિ અને લક્ષિત દંપતિ રજીસ્ટર નિભાવવું.
- જન્મ, મરણ અને લગ્નની માહિતી એકત્રિત કરી FHW ને નોંધ કરાવવી
- માહિતી નિયત નમૂનામાં સમયસર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે આપવી.

**૨ આરોગ્યલક્ષી કાર્યક્રમોનું અમલીકરણ :**

૨.૧ **રાષ્ટ્રીય વાહકજન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ**

- ગૃહ મુલાકાત કરી તાવના કેસો શોધવા
- મેલેરીયાના નિદાન માટે તાવના કેસોની બી. એસ. લેવી.
- તાવના કેસોને પ્રાથમિક સારવાર આપવી.
- આશા વર્કર અને તાવ સારવાર કેન્દ્રની કામગીરીનું સુપરવિઝન (બી.એસ લે છે ?, એમ.એફ-૨ ફોર્મ ભરે છે ?,દર્દીઓને દવા આપે છે ) કરવું.
- આશા વર્કર અને તાવ સારવાર કેન્દ્ર પર દવાઓ આપવી.
- સ્લાઈડ ભેગી કરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પર અઠવાડીયામાં બે વખત અથવા તબીબી અધિકારીની સૂચના મુજબ મોકલવી.
- મેલેરીયા પોઝીટીવ કેસોને રૂબરૂ સંપૂર્ણ સારવાર આપવાનું આયોજન કરવું.
- દવા છંટકાવની કામગીરીમાં પુરૂષ સુપરવાઈઝરની મદદ કરવી.
- ફાઈલેરીયાના નિયંત્રણ માટે સ્ત્રી આરોગ્ય કાર્યકર અને અન્ય ક્ષેત્રીય કર્મચારીઓને સાથે રાખી એમ.ડી.એ.કાર્યક્રમનું આયોજન કરવું.
- તમામ લાભાર્થીઓને ડી.ડી.સી.ની યોગ્ય માત્રામાં દવાઓ રૂબરૂ ગળાવવી.
- સર્વે માટે આયોજન મુજબ રાત્રે લોહીના નમૂના ભેગા કરવા.

- હાથીપગા અને હાઈડ્રોસીલના દર્દીઓને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે રીફર કરવા.
- હાથી પગાના દર્દીઓને પગની કાળજી માટે સમજણ આપવી,

**૨.૨ રક્તપિત્ત ઉન્મૂલનની કામગીરી**

- રક્તપિત્તના શંકાપદ સોને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે રીફર કરવા.
- રક્તપિત્તના નક્કી થયેલ કેસોને સમયસર સારવાર આપવી અને કાર્ડ નિભાવવા.
- રક્તપિત્તથી વિકૃતિ પામેલ દર્દીને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે રીફર કરવા.
- ડીફોલ્ટર દર્દીઓને નિયમિત કરવા.

**૨.૩ સુધારેલ ક્ષયરોગ નિયંત્રણ કાર્યક્રમ**

- ક્ષયરોગના શંકાષ્પદ કેસોને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે રીફર કરવા.
- ક્ષયરોગના કેસોને રૂબરૂ સારવાર આપવી અને કાર્ડ નિભાવવું.
- અન્ય દવા આપનારનું સુપરવિઝન કરવું. ડીફોલ્ટર દર્દીઓને નિયમિત કરવા.
- ડીફોલ્ટર દર્દીઓને નિયમિત કરવા.

**૨.૪ પ્રજનન અને બાળ આરોગ્ય**

- મમતા કલીનિકના આયોજનમાં સ્ત્રી આરોગ્ય કાર્યકરની મદદ કરવી.
- રસીકરણના તમામ લાભાર્થીઓ(બાળકો, સગર્ભા સ્ત્રીઓ અને કિશોરીઓ)ને સ્ત્રી આરોગ્ય કાર્યકર સાથેમળી રસીઓ આપવી.
- લાભાર્થીઓને આર્યન, કરમિયાની ગોળીઓ અને વીટામીન એ ની દવા આપવી.

**૨.૫ કંટુંબ કલ્યાણ કાર્યક્રમઃ**

- લક્ષિત દંપતિઓને ગર્ભનિરોધક સાધનોના ઉપયોગ માટે પ્રોત્સાહન
- ઓપરેશન માટે તૈયાર દંપતિનું કેમ્પમાં ઓપરેશન કરાવવું.
- કોપર– ટીના ઉપયોગ કરવા તૈયાર દંપતિને સ્ત્રી આરોગ્ય કાર્યકર, સ્ટાફ નર્સ અથવા સ્ત્રી
- આરોગ્ય સુપરવાઈઝર મારફત કોપર–ટી મૂકવી.
- લક્ષિત દંપતિને ઓરલ પિલ અથવા નિરોધની સેવાઓ આપવી.

- એમ.ટી.પી.માટે દર્દીને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અથવા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે રીફર કરવું.
- કુટુંબ કલ્યાણની સેવાઓ લેનાર તમામ દંપતિઓનું ફોલોઅપ કરવું.
- આર.ટી.આઈ.ના કેસોને સારવાર અર્થે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે રીફર કરવા.
- આંગણવાડીમાં આરોગ્ય મિથળ, નિદાન અને સારવારની સેવાઓ આપવી.
- કુપોષણ નિવારણ અંગે લોકોને સમજણ આપવી.
- પ્રજનન અને બાળ આરોગ્યની સેવાઓ લેવા માટે લોકોને પ્રોત્સાહન આપવું.

**૨.૬ સંચારી રોગ નિયંત્રણ :**

- ચેપી રોગોનું સર્વેલન્સ કરવું.
- પાણીના સ્ત્રોતોનું કલોરીનેશન કરવું.
- પાણીના સ્ત્રોતોના કલોરીનેશનની ચકાસણી કરવી.
- ઘરે ઘરે જરૂરિયાત મુજબ કલોરીનની ગોળીઓ વહેંચવી

**૨.૭ શાળામાં આરોગ્ય શિક્ષણ, નિદાન અને સારવારની સેવાઓ આપવી.**

**૨.૮ અંધ અને મોતીયાના કેસોને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે રીફર કરવા.**

**૨.૯ લોકોને બીમારીઓમાં અને ઈમરજન્સીમાં પ્રાથમિક સારવાર આપવી.**

**૨.૧૦ દર્દીઓને જરૂરિયાત મુજબ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પર અથવા સામૂહિક આરોગ્ય કેન્દ્ર પર સંદર્ભ સેવા અર્થે મોકલવાનું રહેશે.**

**૩.વહીવટી કામગીરી:**

- સ્ત્રી આરોગ્ય કાર્યકર સાથે મળી પેટા કેન્દ્રની જાળવણી કરવી.
- પેટા કેન્દ્રની સ્વચ્છતા જાળવવી.
- બાયોમેડીકલ વેસ્ટનો યોગ્ય રીતે નિકાલ કરવો.
- પ્રાથમિક આરોગ્ય કેન્દ્રથી દવાઓ અને સાહિત્ય મેળવવું

**રેકર્ડસ:**

- દૈનિક ડાયરી
- લાયક – લક્ષિત દંપતિ રજીસ્ટર
- મેલેરીયા એમ.એફ–૨ અને એમ.એફ–૭ રજીસ્ટર

- કુટુંબ કલ્યાણ સેવા રજીસ્ટર
- કલોરીનેશન લોગબુક રજીસ્ટર
- માહિતી નું માસ્ટર રજીસ્ટર
- સ્ટોક રજીસ્ટર
- માહિતી બુકપ્રાપ્ત.

**પ્રશ્ન : ગાંધીનગર જિલ્લામાં દસ વર્ષિય ભરતી કેલેન્ડર અમલમાં આવ્યા બાદ તબક્કાવાર કરવામાં આવેલ ભરતીની વિગત**

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ | ભરતીની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | વર્ષ : ૨૦૨૨–૨૩ | ૩ |
| ૨ | ગાંધીનગર | વર્ષ : ૨૦૧૮–૧૯ | ૧ |

## પ્રશ્ન : એમ.પી.એચ.ડબલ્યુને ગ્રામ્ય લેવલે કઈ રીતે કામગીરીની ફાળવણી કરવામાં આવે છે તેની વિગત

ગાંધીનગર જિલ્લામાં ૫000ની વસ્તી દીઠ એક(1) સબસેન્ટરને આરોગ્ય વિભાગ દ્વારા મંજૂરી આપવામાં આવે છે તેમજ દરેક સબસેન્ટર પર એમ.પી.એચ.ડબલ્યુને કામગીરી ફાળવવામાં આવે છે. જે મુજબ ગાંધીનગર જિલ્લામાં મંજૂર થયેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (સબસેન્ટર) ઉપર નીચે મુજબ કામગીરીની ફાળવણી કરવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર નું નામ | મંજૂર જગ્યાની સંખ્યા | ભરેલ જગ્યાની સંખ્યા | ખાલી જગ્યાની સંખ્યા | જગ્યા ખાલી પડ્યા તારીખ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | કલોલ | સઈજ | ૫ | ૫ | ૦ | – | – |
| ૨ | | પાનસર | ૮ | ૮ | ૦ | – | – |
| ૩ | | રાંચરડા | ૫ | ૫ | ૦ | – | – |
| ૪ | | હાજીપુર | ૬ | ૬ | ૦ | – | – |
| ૫ | | મોખાસણ | ૭ | ૭ | ૦ | – | – |
| ૬ | | ધાનજ | ૭ | ૭ | ૦ | – | – |
| ૭ | માણસા | આજોલ | ૪ | ૪ | ૦ | – | – |
| ૮ | | વેડા | ૪ | ૪ | ૦ | – | – |
| ૯ | | ઈટાદરા | ૬ | ૬ | ૦ | – | – |
| ૧૦ | | બેલોદરા | ૬ | ૬ | ૦ | – | – |
| ૧૧ | | સોજા | ૬ | ૬ | ૦ | – | – |
| ૧૨ | | વરસોડા | ૪ | ૪ | ૦ | – | – |
| ૧૩ | | મહૂડી | ૫ | ૫ | ૦ | – | – |
| ૧૪ | | પુંધરા | ૫ | ૫ | ૦ | – | – |
| ૧૫ | | બાપુપુરા | ૪ | ૪ | ૦ | – | – |
| ૧૬ | દહેગામ | સાણોદા | ૫ | ૫ | ૦ | – | – |
| ૧૭ | | સાંપા | ૬ | ૬ | ૦ | – | – |
| ૧૮ | | પાટનાકુવા | ૫ | ૫ | ૦ | – | – |
| ૧૯ | | બહિયલ | ૫ | ૫ | ૦ | – | – |
| ૨૦ | | પાલુન્દ્રા | ૪ | ૪ | ૦ | – | – |
| ૨૧ | | દેવકરણનામુંવાડા | ૫ | ૫ | ૦ | – | – |
| ૨૨ | | કડાદરા | ૫ | ૫ | ૦ | – | – |
| ૨૩ | | કડજોદરા | ૫ | ૫ | ૦ | – | – |
| ૨૪ | ગાંધીનગર | આદરજ મોટી | ૭ | ૭ | ૦ | – | – |
| ૨૫ | | ડભોડા | ૫ | ૫ | ૦ | – | – |
| ૨૬ | | પ્રાંતિયા | ૬ | ૬ | ૦ | – | – |
| ૨૭ | | રૂપાલ | ૭ | ૭ | ૦ | – | – |
| ૨૮ | | દશેલા | ૭ | ૭ | ૦ | – | – |
| ૨૯ | | ઉનાવા | ૪ | ૪ | ૦ | – | – |
| ૩૦ | | ઉવારસદ | ૭ | ૭ | ૦ | – | – |
| ૩૧ | | વડોદરા | ૭ | ૭ | ૦ | – | – |
| | | મેલેરિયા શાખા | ૩ | ૩ | ૦ | – | – |
| **કુલ** | | | **૧૭૫** | **૧૭૫** | **૦** | **–** | **–** |

## પ્રશ્ન : મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (પુરુષ)ના સંવર્ગના કોર્ટ કેસોની વિગતો

### અમાન્ય પ્રમાણપત્રો:

જિલ્લા પંચાયતો ખાતે સેવા બજાવતા અમાન્ય પ્રમાણપત્ર ધરાવનાર ઉમેદવારોને નોકરીમાંથી દૂર કરતા પીટીશનરો દ્વારા નામ.હાઈકોર્ટ ખાતે કોર્ટકેસ કરતાં, નામ.હાઈકોર્ટ દ્વારા વિગતવાર તપાસને અંતે ઉમેદવારોને સાંભળવાની તક આપ્યા બાદ યોગ્ય નિર્ણય કરવા જણાવેલ. જે અન્વયે તમામ જિલ્લાઓ ખાતે એકસરખી કાર્યપદ્ધતિ અનુસરવામાં આવે એ માટે વિભાગના તા.૦૩/૦૩/૨૦૨૩ના પરિપત્રથી સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવેલ હતી. જે અનુસારની કાર્યવાહી કરતા ફરી નામ.હાઈકોર્ટ ખાતે અરજી કરતા, નામ.હાઈકોર્ટ દ્વારા ખાતાકીય તપાસ હાથ ધરવા નિર્દેશ આપેલ, જે અન્વયે ખાતાકીય તપાસની કાર્યવાહી કરવામાં આવી રહેલ છે.

### એડહોક ધોરણે નિમણૂક પામેલ મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (પુરુષ) કર્મચારીઓ

એડહોક ધોરણે ૧૯૯૦-૯૨માં મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (પુરુષ) તરીકે નિમણૂક પામેલ કર્મચારીઓને તા.૩૦/૦૩/૧૯૯૬માં લેવાયેલ સ્પર્ધાત્મક પરીક્ષામાં માત્ર ઉમરમર્યાદાને કારણે અયોગ્ય જાહેર કરવામાં આવતા પિટીશનરો દ્વારા નામ.હાઈકોર્ટમાં SCA/6289/2011 દાખલ કરતા, નામ.હાઈકોર્ટના તા.૧૦/૦૮/૨૦૧૬ના ચુંકાદાથી પિટીશનરશ્રીઓની મૂળ તારીખથી સેવા સળંગ ગણી તમામ લાભો ચુંકવવાનો નિર્દેશ કરેલ હતો. જે અનુસારના લાભો પિટીશનરશ્રીઓને ચુંકવેલ છે.

### કરારના ધોરણે નિમણૂક પામેલ મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (પુરુષ) કર્મચારીઓ

કરારના ધોરણે ૨૦૦૩ અને ત્યારબાદ નિમણૂક પામેલ મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (પુરુષ)ના કર્મચારીઓને એડહોક ધોરણે નિમણૂક પામેલ કર્મચારીઓને આપેલ લાભો અનુસારના લાભો આપવા અંગેના

નામ.હાઈકોર્ટના SCA/12537/2011ના તા.૨૫/૦૭/૨૦૧૮ના ચુંકાદા સામે નામ.હાઈકોર્ટમાં LPA/1327/2019 અને નામ.સુપ્રિમ કોર્ટમાં SLP દાખલ કરેલ, પરંતુ પિટીશનરશ્રીની તરફેણમાં ચુંકાદો આવલ. ત્યારબાદ કન્ટેમ્પ્ટ પિટીશન દાખલ થતા નામ.હાઈકોર્ટની અવમાનના ન થાય એ માટે ૩૨૨ પિટીશનરોને લાભ આપેલ. ત્યારબાદ પંચાયત વિભાગ દ્વારા નામ.હાઈકોર્ટમાં MCA (for review) 01/2022 દાખલ કરેલ, જેમાં SCA/12537/2011ના ચુંકાદા સામે સ્ટે આપેલ હતો. પરંતુ પિટીશનરો દ્વારા CA/02/2022 in MCA (for review) 01/2022ના ઓરલ ઓર્ડર સામે સુપ્રીમ કોર્ટમાં સ્ટે મેળવેલ છે. પ્રસ્તુત બાબત હાલ નામ.સુપ્રિમ કોર્ટ ખાતે પડતર છે.

એડહોક કર્મચારીઓને LTC, લીવ એન્કેશમેન્ટ, ટ્રાવેલીંગ એલાઉન્સ, મોંઘવારી ભથ્થું, કાયમી મુસાફરી ભથ્થું, એચ.આર.એ., મેડીકલ એલાઉન્સ વગેરેના લાભો મળતા હતા, જ્યારે કરાર આધારિત કર્મચારીઓને ઉક્ત લાભો મળવાપાત્ર થતા નથી.